દિવાળી બાદ શહેરમાં ઘરફોડ ચોરીની ઘટનાઓમાં ઉછાળો, એક પછી એક વિસ્તારોમાં તસ્કરોના નિશાના પર

શહેરમાં તસ્કરોનો આતંક : બંધ મકાનો બન્યાં ટાર્ગેટ

માંજલપુરની કલ્યાણબાગ સોસાયટીમાં તસ્કરોની છ મકાનમાં તોડફોડ

(પ્રતિનિધિ) વડોદરા તા.13
શહેરના અલગ-અલગ વિસ્તારોમાં બંધ મકાનોને નિશાન બનાવી તસ્કરો બેફામ રીતે ઘરફોડ ચોરીને અંજામ આપી રહ્યા છે. દિવાળીના તહેવારો દરમિયાન પરિવારજનો વતન કે સગાંસંબંધીઓને ત્યાં ગયા હોય અને મકાનો બંધ હોય તેનો લાભ ઉઠાવી તસ્કરો લાખોની મત્તા ચોરીને ફરાર થઈ રહ્યા છે. ન્યુ વીઆઈપી રોડ, પ્રતાપનગર, ઉંડેરા, હરણી અને માંજલપુર સહિતના વિસ્તારોમાં બનેલી ચોરીની ઘટનાઓએ શહેરની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા કર્યા છે. ક્યાંક તસ્કરો દરવાજાના નકુચા તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરીઓનાં લોકર તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી રહ્યા છે, તો ક્યાંક લેપટોપ સહિતની કિંમતી વસ્તુઓ પણ ઉઠાવી જઈ રહ્યા છે. ખાસ કરીને એક જ રાતમાં એક સોસાયટીનાં અનેક મકાનોને નિશાન બનાવવાની ઘટનાઓ ચિંતાજનક બની છે. માંજલપુરની કલ્યાણબાગ સોસાયટીમાં વહેલી સવારે બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ એકસાથે છ મકાનોમાં તોડફોડ કરી હતી.

ન્યુ વીઆઈપી રોડ પર બંધ મકાનમાંથી રૂ.5.62 લાખની ચોરી

ન્યુ વીઆઈપી રોડના ગોરાના પાર્કમાં રહેતાં જી.ઈ.બી.નાં નિવૃત્ત 63 વર્ષીય જયશ્રીબેન મહંત ભાભીના અંતિમ સંસ્કારમાં ગયાં હતાં. આ દરમિયાન તસ્કરોએ મકાનનો નકુચો તોડી તિજોરીમાંથી સોનાના હાર, ચેઇન, બંગડીઓ, વીંટીઓ, ચાંદીના સિક્કા અને રૂ.30 હજાર રોકડા મળી રૂ.5.62 લાખની મત્તા ચોરી કરી હતી. ભાડુઆત રાજભાઈ વાળંદ પણ વતન મહીસાગર ગયા હતા. તસ્કરોની સંખ્યા જાણી શકાઈ નથી.

પ્રતાપનગરમાં રૂ.1.68 લાખની ચોરી । પ્રતાપનગરની જીએમ હકીમની ચાલી ખાતે રહેતાં 54 વર્ષીય કપીલાબેન વસાવા તા.6 નવેમ્બરની રાત્રે બંગલામાં કામ કરવા ગયાં હતાં. દરમિયાન તસ્કરોએ ઘરનો નકુચો તોડી તિજોરીમાંથી સોનાનું મંગળસૂત્ર, બુટ્ટી, વીંટીઓ, ચાંદીના ઝાંઝર, પાયલ અને રૂ.20 હજાર રોકડા મળી રૂ.1.68 લાખની મત્તા ચોરી કરી હતી. બીજા દિવસે ભત્રીજીએ તાળું તૂટ્યાની જાણ કરતાં ચોરીનો ભાંડો ફૂટ્યો હતો.

ઉંડેરામાં વેપારીના મકાનમાંથી રૂ.1.30 લાખની ચોરી । ઉંડેરાની ઉમેદભાઈ પાર્ક સોસાયટીમાં રહેતા વેપારી ભુષણકુમાર અરોરા પરિવાર સાથે બાજવા માતાને મળવા ગયા હતા. દરમિયાન તસ્કરોએ બેડરૂમના કબાટમાંથી સોનાના દાગીના, ચાંદીની વસ્તુઓ અને બે લેપટોપ મળી રૂ.1.30 લાખની મત્તા ચોરી કરી હતી. બીજી તરફ ઉંડેરાની સૂર્યનગર સોસાયટીના સી/10 મકાનમાં રહેતા હસમુખભાઈ મણિભાઈ રોહિતના ઘરે રાત્રિના સમયે તસ્કરો ત્રાટક્યા 1.20 લાખની ચોરી નોંધાઇ.

હરણીની સંદીપ સોસાયટીમાં રૂ.91,860ની ચોરી । હરણીની સંદીપ સોસાયટીમાં આશિષકુમાર વરીયા પરિવાર સાથે દિવાળી કરવા કાલોલ ગયા હતા. તસ્કરોએ તેમના મકાનનું તાળું તોડી સોનાની ત્રણ જોડી બુટ્ટી, વીંટી, ચેઇન, ચાંદીના છડા અને રૂ.40 હજાર રોકડા મળી રૂ.91,860ની મત્તા ચોરી કરી હતી. સોસાયટીમાં ગણપતભાઈ બારીયા અને દેવીશ શાહનાં મકાનનાં તાળાં પણ તૂટ્યાં હતાં.

માંજલપુરની કલ્યાણબાગ સોસા.માં તસ્કરો ત્રાટક્યા । માંજલપુરની કલ્યાણબાગ સોસાયટીમાં વહેલી સવારે 3:45થી 4 વાગ્યાની આસપાસ બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ એક જ રાતમાં છ મકાનોને નિશાન બનાવ્યાં હતાં. રહીશ ભીખુભાઈ જસભાઈ પટેલ જાગી જતાં તેમના ઘરમાં ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.

૧૧મી સ્ક્વોડ્રનની પ્લેટિનમ જ્યુબિલીની ઉજવણીમાં 'સારંગ' હેલિકોપ્ટરે વિશાળ જનમેદનીને મંત્રમુગ્ધ કરી



■ વડોદરા એરફિલ્ડ ખાતે ભારતીય વાયુસેનાની પ્રતિષ્ઠિત 'સારંગ' હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમે ૧૧મી સ્ક્વોડ્રનની પ્લેટિનમ જયંતીની ઉજવણીના ભાગરૂપે ભવ્ય હવાઈ પ્રદર્શન યોજ્યું હતું. સ્વદેશી 'ધ્રુવ' હેલિકોપ્ટર દ્વારા આકાશમાં ડાયમંડ, હાર્ટ, ક્રોસ ઓવર સહિતના અદભુત કરતબો રજૂ કરી આકાશી કળાનું શાનદાર પ્રદર્શન કર્યું હતું. હેલિકોપ્ટરોની સચોટ ઉડાન, અદભુત તાલમેલ અને જોખમી દાવપેચ નિહાળી ઉપસ્થિત લોકો, ખાસ કરીને બાળકો અને યુવાનો રોમાંચિત થઈ ઊઠ્યા હતા. **તસવીર : રણજીત સૂર્વે**

ઠાકોર ફળિયામાં ઘૂસ્યો મગર

ભાયલીમાં રસ્તા વચ્ચે મગર આવી ચડતા લોકોમાં ફફડાટ



(પ્રતિનિધિ) વડોદરા, તા.13
વડોદરાના ભાયલી વિસ્તારના ઠાકોર ફળિયા પાસે રસ્તા પર અચાનક એક મોટો મગર દેખાતા સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી. સવાર-સવારમાં રસ્તા પર મગરને ફરતો જોઈને લોકો ડરી ગયા હતા, તો કેટલાક લોકો તેને જોવા માટે દૂરથી ટોળે વળ્યા હતા. ભાયલીની નજીકથી જ વિશ્વામિત્રી નદી પસાર થાય છે. વિશ્વામિત્રી નદીને મગરોનું ઘર માનવામાં આવે છે. ચોમાસામાં પાણી વધે ત્યારે કે પછી ખોરાકની શોધમાં ઘણીવાર મગરો નદી છોડીને આસપાસની સોસાયટી કે ખેતરોમાં આવી જતા હોય છે. ત્યારે, આ ઘટનામાં પણ એવું જ થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. ભૂલો પડીને આ મગર નદીમાંથી બહાર નીકળીને ફળિયાના રસ્તા સુધી પહોંચી ગયો હતો. મગર દેખાતાની સાથે જ રહીશોએ સમજદારી દાખવી હતી. કોઈએ તેને છંછેડ્યો નહીં અને તરત જ વન વિભાગને જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ વન વિભાગ અને રેસ્ક્યુ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ટીમે આસપાસના લોકોને દૂર કરીને ખૂબ જ સાવધાનીથી ઓપરેશન શરૂ કર્યું હતું. થોડા સમયની મહેનત બાદ ટીમે મહાકાય મગરને કોઈપણ ઈજા પહોંચાડ્યા વિના સુરક્ષિત રીતે પકડી લીધો હતો અને પાંજરામાં પૂરી દીધો હતો. મગર પકડાઈ જતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

રેસકોર્સ સર્કલ પાસે છુટ્ટા પૈસા માટે જાહેરમાં મારામારી

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
વડોદરાના રેસકોર્સ સર્કલ પાસે કેન્ટિન પાસે ગત મોડી રાત્રે છુટ્ટા પૈસા જેવી નજીવી બાબતે જાહેર રોડ પર મારામારી થતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. ચા લેવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલી બોલાચાલીએ થોડી જ વારમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બે જૂથો વચ્ચે થયેલી આ મારામારીને કારણે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓમાં પણ ડરનો માહોલ ફેલાયો હતો. લાંબા સમય સુધી રોડ પર ધમાલ ચાલુ રહી હતી. સ્થાનિકોનું કહેવું છે કે, રેસકોર્સ વિસ્તારમાં મોડી રાત સુધી ચાલતા લારી-ગલ્લા પર અસામાજિક તત્વોનો અડો જામેલો રહે છે. અહીં દારૂ પીને ધમાલ મચાવવી, ગાળાગાળી કરવી હવે સામાન્ય બની ગયું છે. અસામાજિક તત્વોને પોલીસનો કોઈ ડર જ રહ્યો ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

જાનહાનિ ટળતા હાશકારો

આજવા સરોવરનું જળસ્તર ઘટયુ, સપાટી ૨૦૭.૬૦ ફૂટે પહોંચી

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
શહેરની મુખ્ય જીવાદોરી સમાન આજવા સરોવરના જળસ્તરને લઈને એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. આગામી ઉનાળાની ઋતુને હજુ સમય બાકી છે, ત્યાં જ આજવા સરોવરની જળસપાટી ઝડપથી નીચે ઉતરવા લાગી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, માત્ર વીસ દિવસના ટૂંકા ગાળામાં જ આજવા સરોવરના પાણીની સપાટીમાં એક ફૂટનો ઘટાડો નોંધાયો છે, જેના કારણે વહીવટી તંત્રની ચિંતા વધી ગઈ છે અને આગામી દિવસોમાં પાણીની સંભવિત સમસ્યા સામે પૂર્વ તૈયારીઓ માટે મોટી કસોટી થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.
વડોદરા શહેર અને આસપાસના વિસ્તારોને પીવાનું પાણી પૂરું પાડવામાં આજવા સરોવરનું મહત્ત્વનું સ્થાન છે. અગાઉના ચોમાસાની સીઝનમાં અપેક્ષિત વરસાદના અભાવ કે અસંતુલિત વરસાદના કારણે સરોવરમાં પૂરતા પ્રમાણમાં પાણીનો સંગ્રહ થઈ શક્યો ન હતો. પાણીની આવક મર્યાદિત રહેવાને કારણે શિયાળાની વિદાય અને ઉનાળાની આગમન ટાણે જ જળસ્તર ચિંતાજનક સ્થિતિમાં પહોંચ્યું છે. વર્તમાન આંકડાઓ મુજબ આજવા સરોવરની સપાટી ઘટીને હાલમાં ૨૦૭.૬૦ ફૂટે આવી ગઈ છે. શિયાળાની ઋતુ પૂર્ણ થયા વગર કે ઉનાળો સત્તાવાર રીતે શરૂ થાય તે પહેલા જ પાણીની સપાટી આ પ્રકારે સતત ઘટવી એ પાલિકા તંત્ર અને નાગરિકો બંને માટે ચિંતાનો વિષય છે. જો આ જ ઝડપે પાણીનો જથ્થો ઘટતો રહેશે તો આગામી ઉનાળાની મોસમમાં વડોદરાવાસીઓને પીવાના પાણીની ભારે તંગીનો સામનો કરવો પડી શકે છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીના ઉપલબ્ધ જથ્થાનું યોગ્ય આયોજન કરવામાં આવે અને પાણીનો બગાડ અટકાવવા માટે કડક પગલાં લેવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે.

ક્યુપિડ અને વી-૨ રિટેલ વચ્ચે લાંબા ગાળાની ભાગીદારી, ૪૦૦ કરોડની આવકનો અંદાજ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
ક્યુપિડ લિમિટેડે દેશની અગ્રણી વેલ્યુ રિટેલ ચેઇન વી2 રિટેલ લિમિટેડ સાથે લાંબા ગાળાની એક્સક્લુઝિવ રિટેલ ભાગીદારી કરી છે. આ કરાર હેઠળ વી2 રિટેલના હાલના 425થી વધુ સ્ટોર્સ ઉપરાંત ભવિષ્યમાં શરૂ થનારા તમામ સ્ટોર્સમાં ક્યુપિડને 400 ચોરસ ફૂટની સમર્પિત જગ્યા મળશે. કંપનીના જણાવ્યા અનુસાર, આ ભાગીદારીથી આગામી 12 મહિનામાં આશરે રૂ.400 કરોડની વધારાની આવક થવાની અપેક્ષા છે. ડિસેમ્બર 2026ના મધ્ય સુધીમાં તમામ સ્ટોર્સમાં ક્યુપિડની પ્રોડક્ટ્સ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય છે. ક્યુપિડના ચેરમેન આદિત્ય કુમાર હલવાસિયાએ જણાવ્યું હતું કે, આ કરારથી સ્થાનિક કન્ઝ્યુમર બિઝનેસનો વિસ્તાર વધશે અને દેશભરમાં ગ્રાહકો સુધી પહોંચ મજબૂત બનશે. જ્યારે વી2 રિટેલના ચેરમેન રામ ચંદ્ર અગ્રવાલે આ ભાગીદારીને ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ પર્સનલ કેર તથા વેલનેસ પ્રોડક્ટ્સ ગ્રાહકો સુધી પહોંચાડવાની દિશામાં મહત્વપૂર્ણ ગણાવી હતી.

જાનહાનિ ટળતા હાશકારો

દિવાળીમાં ૯૫થી વધુ આગના કોલ પર ત્વરિત કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
દિવાળીના તહેવારોમાં શહેરીજનો ફટાકડા અને રોશનીમાં મગ્ન હતું, ત્યારે વડોદરા ફાયર બ્રિગેડના જવાનો માટે આ સૌથી વ્યસ્ત રાત હતી. આ વખતે દિવાળીના તહેવારો દરમિયાન ફાયર વિભાગને આગના કુલ 95થી વધુ કોલ મળ્યા હતા, જેમાંથી 67 જગ્યાએ ખરેખર આગ લાગી હતી. આમ છતાં, ફાયર જવાનોની સતર્કતા અને ઝડપી કામગીરીના કારણે શહેરમાં એકપણ મોટી જાનહાનિ થઈ ન હતી. ફાયર વિભાગના આંકડા મુજબ, દિવાળીની રાત્રે માત્ર 9 કલાકમાં જ 44થી 62 કોલ મળ્યા હતા. એટલે કે દર 9-10 મિનિટે એક કોલ. દિવસ દરમિયાન પણ 18 કોલ નોંધાયા હતા. છતાં એકપણ જવાને પોતાની ફરજમાંથી પીછેહઠ કરી નહીં. સૌથી વધુ આગ ખુલ્લામાં પડેલા કચરામાં ફટાકડા પડવાથી લાગી હતી. આવા 42 બનાવો બન્યા હતા. રહેણાંક વિસ્તારમાં મકાનમાં 4, ફ્લેટમાં 3 અને ઝૂંપડામાં 3 આગના બનાવો બન્યા હતા. ફેક્ટરીમાં 3, ગોડાઉનમાં 3, દુકાનમાં 2 અને શેડમાં 2 આગ લાગી હતી. શોર્ટ સર્કિટના 2, ગેસ લીકેજનો 1, વાહનમાં 1 અને ગેરેજમાં 1 બનાવ બન્યો હતો. આ દરમિયાન સૌથી નોંધપાત્ર ઘટના વાસણા-ભાયલી રોડ પર અર્થ એક્રોપોલિસ-3ના પાંચમા માળે બની હતી. ભીષણ આગમાં ફસાયેલા ફ્લેટમાંથી ફાયર જવાનોએ પોતાનો જીવ જોખમમાં મૂકીને અંદાજે રૂ. 3 લાખની રોકડ સહી સલામત બહાર કાઢી હતી. મકરપુરા ગેરેજ પાસે આગમાં 9 કાર બળી ગઈ, જૂના પાદરા રોડ પાછળ 3 ઝૂંપડા બળ્યા, ગાજરાવાડીમાં લાકડાના કારખાનામાં અને સલાટવાડામાં ઓફિસમાં આગ લાગી હતી. પંચશીલ, ખંડેરાવ માર્કેટ, વેરાઈ માતા ચોક સહિત અનેક જગ્યાએ પણ આગ લાગી હતી. દરેક જગ્યાએ ફાયર બ્રિગેડના જવાનો સમયસર પહોંચી ગયા અને આગને વધુ ફેલાતી અટકાવી દીધી હતી.

કરોડો રૂપિયાના વિકાસકામો મંજૂર કરાયા

વિવાદોથી બચવા ઉતાવળે બોલાવી સ્થાયી સમિતિની બેઠક

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠક સામાન્ય રીતે દર શુક્રવારે મળતી હોય છે. જોકે, દિવાળીની રજાઓ પૂર્ણ થતાં જ ગુરુવારે અચાનક સ્થાયી સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં વિવિધ વિકાસનાં કામો સહિત તમામ દરખાસ્તોને મંજૂરી આપી દેવામાં આવી હતી.
અગાઉ કોન્ટ્રાક્ટની મુદત લંબાવવા અને કામોની નાણાકીય મર્યાદા વધારવાના મુદ્દે વિવાદો સર્જાયા હતા. બાપોદમાં વરસાદી કાંસ બનાવવા માટે રૂ. ૩.૬૬ કરોડના કામ માટે હરિ કન્સ્ટ્રક્શનને મંજૂરી આપવામાં આવી છે. લાલબાગ તળાવ: તળાવના ઓવરફ્લોના પાણીના નિકાલ માટે રૂ. ૧.૮૦ કરોડના ખર્ચે નવી વરસાદી કાંસ બનાવવાનું કામ રાજકમલ બિલ્ડ-ટેકને સોંપવામાં આવ્યું છે. સંગમ ચાર રસ્તા ખાતે રૂ. ૪.૨૩ કરોડના ખર્ચે નવી વરસાદી કાંસ નાખવાનું કામ હરિ કન્સ્ટ્રક્શનને આપવામાં આવ્યું છે. અજવા પાણીની ટાંકી પાસે: રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે વરસાદી કાંસ બનાવવાનું કામ શ્રી હરિ કન્સ્ટ્રક્શનને સોંપવામાં આવ્યું છે. કારેલીબાગ આનંદનગર પાસે રૂ. ૧.૧૮ કરોડના ખર્ચે વરસાદી કાંસ બનાવવાનું કામ પણ હરિ કન્સ્ટ્રક્શનને આપવામાં આવ્યું છે. કારેલીબાગ એલ.એન્ડ.ટી. સર્કલ પાસે નવી ડ્રેનેજ લાઈન નાખવાના રૂ. ૪.૧૦ કરોડના કામ માટે ઈલાઈટ ઈજનેર્સના ભાવપત્રકને મંજૂરી આપવામાં આવી છે. છાણી જકાતનાકા: પાણીની ટાંકી ખાતે આવેલો ભૂગર્ભ સંપ અને પંપ રૂમ આશરે ૫૦ વર્ષ જૂનો હોવાથી જર્જરિત બન્યો છે. આ જૂના બાંધકામને તોડી પાડી નવા ભૂગર્ભ સંપ અને પંપ રૂમનું બાંધકામ કરવામાં આવશે. આ કામ માટે ઈજારદાર એમ.આર. એન્ટરપ્રાઈઝનું ભાવપત્રક અંદાજિત રકમ કરતાં ૫.૫૫ ટકા ઓછું એટલે કે રૂ. ૧.૧૬ કરોડનું રજૂ થયું હતું, જેને સ્થાયી સમિતિએ મંજૂરી આપી છે.

પ્રચંડ ધડાકાને કારણે રસોડાનો બીજો સિલિન્ડર પણ ફાટ્યો

ગાજરાવાડીના વિશ્વકર્મા નગરમાં ગેસ સિલિન્ડરનો પ્રચંડ બ્લાસ્ટ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩
શહેરના ગાજરાવાડી વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા નગર ખાતે આજે સવારે એક મોટો અકસ્માત સર્જાયો હતો. ઘરમાં ગેસ સિલિન્ડર ચાલુ કરવા જતાં અચાનક પ્રચંડ ધડાકો થયો હતો અને બે ગેસ બોટલ ફાટવાથી ભીષણ આગ લાગી હતી. આ આકસ્મિક દુર્ઘટનામાં કુલ ૪ જેટલા લોકો દાઝી ગયા છે, અને અન્ય ૪ લોકોને ઈજા પહોંચી છે. જેમને સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વિશ્વકર્મા નગરમાં રહેતા રાકેશભાઈ બિંદના મકાનમાં આ ઘટના બની હતી. ઘટના સમયે મકાનમાલિક રાકેશભાઈ પોતાની નોકરી પર ગયા હતા. ઘરમાં ગેસ સિલિન્ડર ચાલુ કરતી વેળાએ અચાનક વિસ્ફોટ થયો હતો. ધડાકો એટલો પ્રચંડ હતો કે



રસોડામાં રાખેલો બીજો સિલિન્ડર પણ તેની ઝપેટમાં આવીને ફાટ્યો હતો. આ પ્રચંડ વિસ્ફોટના કારણે મકાનની છત ઉડી ગઈ હતી અને આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી તેમજ ગભરાટ ફેલાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. આ આગ અને વિસ્ફોટમાં કુલ ૭ થી ૮ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા ચારેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા મુખ્ય ઈજાગ્રસ્તોમાં ભાનુભાઈ બિંદ, સુનિલભાઈ બિંદ અને સંજયભાઈ બિંદનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય પાંચ જેટલા લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાથી તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો અને વધુ નુકસાન અટકાવ્યું હતું. સ્થાનિક પોલીસ પણ તરત જ ઘટનાસ્થળે પહોંચીને સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થવાનું ચોક્કસ કારણ હજુ અકબંધ છે, અને પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

કરોડો રૂપિયાના વિકાસકામો મંજૂર કરાયા

ટોકિયો સ્પામાં હરણી પોલીસનો દરોડો, જાહેરનામાનો ભંગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩
વડોદરા શહેરમાં સ્પા અને મસાજ પાર્લરની આડમાં દેહવ્યાપારના ગોરખધંધા ધમધમતા હોવાની ચર્ચા વચ્ચે પોલીસ દ્વારા સમયાંતરે વિવિધ વિસ્તારોમાં તપાસ અને દરોડા પાડવામાં આવી રહ્યા છે. કેટલાક અસામાજિક તત્ત્વો પરપ્રાંતીય યુવતીઓને વડોદરા બોલાવી સ્પાની આડમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ચલાવતા હોવાની ફરિયાદો પણ સામે આવતી રહે છે. આવા કિસ્સાઓમાં યુવતીઓ, ગ્રાહકો અને સંચાલકો પોલીસની ઝપેટમાં આવતા હોય છે. ત્યારે હરણી પોલીસે હરણી રોડ પર આવેલા ટોકિયો સ્પામાં તપાસ કરતાં પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ થયો હોવાનું સામે આવ્યું છે. હરણી પોલીસ સ્ટેશનના અ.હે.કો. લક્ષ્મણભાઈ અંબાલાલ સહિતની ટીમે તા.12 નવેમ્બરના રોજ રાત્રે આઠ વાગ્યે ટોકિયો સ્પામાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન કાઉન્ટર પર હિતેશભાઈ હિરાલાલ મારવાડી મળી આવ્યા હતા. પૂછપરછમાં સ્પાના માલિક તરીકે નરેશભાઈ રમણભાઈ ગોહિલનું નામ સામે આવ્યું હતું. પોલીસે તપાસ કરતાં સ્પામાં હરિયાણાના સોનીપતની મૂળ વતની અને હાલ ગોરવા વિસ્તારમાં રહેતી હુસમા મોહમ્મદ નસીમ નામની યુવતી નોકરી કરતી હોવાનું જાણવા મળ્યું હતું. તેને માસિક રૂ.25 હજારના પગારે રાખવામાં આવી હતી. જોકે, યુવતીને નોકરી પર રાખવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કોઈ જાણ કે નોંધણી કરાવવામાં આવી નહોતી. આથી પોલીસ કમિશનરના તા.2 નવેમ્બર, 2026ના જાહેરનામાનો ભંગ કરવા બદલ સ્પાના માલિક નરેશ ગોહિલ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ 223 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સ્પાની આડમાં ચાલતી પ્રવૃત્તિઓ પર પોલીસની તપાસ વચ્ચે આ કાર્યવાહીથી સ્પા સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

બ્રાઈટ આઉટડોર મીડિયા BSE અને NSEના મેઈન બોર્ડ પર લિસ્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
બ્રાઈટ આઉટડોર મીડિયા લિમિટેડે BSE અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)ના મેઈન બોર્ડ પર સફળ લિસ્ટિંગ મેળવી નવી સિદ્ધિ હાંસલ કરી છે. કંપની ભારતની પ્રથમ લિસ્ટેડ આઉટડોર મીડિયા કંપની છે. આ અગાઉ 24 માર્ચ, 2023ના રોજ કંપની BSEના SME પ્લેટફોર્મ પર લિસ્ટ થઈ હતી.
SMEમાંથી મેઈન બોર્ડ પરનું સ્થળાંતર કંપનીની વિકાસયાત્રામાં મહત્ત્વપૂર્ણ છે. ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. યોગેશ લાખાણીએ આ સફળતાનો શ્રેય ટીમ, ગ્રાહકો અને રોકાણકારોના વિશ્વાસને આપ્યો હતો. કંપની હવે ડિજિટલ ઈનોવેશન અને જાહેરાત સેવાઓના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. હાલમાં કંપની 1,350થી વધુ હોર્ડિંગ્સ અને 50થી વધુ ડિજિટલ LED બિલબોર્ડ્સનું સંચાલન કરે છે. મેઈન બોર્ડ પરના લિસ્ટિંગથી કંપનીને વ્યાપક મૂડીબજાર સુધી પહોંચવાની નવી તક મળશે.

સ્કોટીશ પાઈપ બેન્ડની પ્રસ્તુતિ મહોત્સવનું વિશેષ આકર્ષણ બનશે

વડોદરા ખાતે શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજીની ઉપસ્થિતિમાં ૧૪થી ૧૭ નવેમ્બર સુધી બાઈક રેલી, સંત સંમેલન, નગરયાત્રા, કનકાભિષેક સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, વડોદરા ખાતે આગામી ૧૪થી ૧૭ નવેમ્બર દરમિયાન શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પવિત્ર અધ્યક્ષતામાં યોજાનારા આ મહોત્સવને લઈને હરિભક્તોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.
મહોત્સમનો પ્રારંભ ૧૪ નવેમ્બરે સાંજે ૫:૩૦ કલાકે ભવ્ય બાઈક રેલીથી થશે. ત્યારબાદ સાંજે ૬:૩૦ કલાકે ઉદ્ઘાટન સમારોહ યોજાશે. ૧૫ નવેમ્બરે સવારે સંત સંમેલન, બપોરે મહિલા ઉત્કર્ષ શિબિર અને સાંજે ભવ્ય નગરયાત્રાનું આયોજન કરાયું છે. ચાર દિવસ દરમિયાન વચનામૃત, સ્વામિનારાયણ ગાદી ગ્રંથ અને અબજીબાપાશ્રીની વાતોની સમૂહ પારાયણ સહિત વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો તથા મહાપૂજા યોજાશે.
મહોત્સવના અંતિમ દિવસે ૧૭ નવેમ્બરે સવારે ૮:૩૦ કલાકે શ્રી ઘનશ્યામ મહારાજનો કનકાભિષેક, વિશેષ આરતી અને ભવ્ય અન્નકૂટ દર્શન યોજાશે. આ ઉપરાંત 'પગલાં પડ્યાં યુગ બદલાયો' ધાર્મિક-સાંસ્કૃતિક નૃત્ય નાટિકા અને વિશ્વપ્રસિદ્ધ સ્કોટીશ પાઈપ બેન્ડની પ્રસ્તુતિ વિશેષ આકર્ષણ બનશે. સંત શિરોમણી નિત્યપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ મહોત્સવમાં દેશ-વિદેશના મોટી સંખ્યામાં હરિભક્તો જોડાશે.

અટલાદરા BAPS મંદિરમાં ૧૨૦૦ વાનગીઓનો અન્નકૂટ

હજારો ભાવિકોએ ગોવર્ધન પૂજા બાદ અન્નકૂટ દર્શનનો લાભ લીધો, યુવા પેઢીએ સજાવટમાં આપ્યો સહયોગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
વડોદરા, 10 નવેમ્બર, 2026: નૂતન વર્ષના પ્રારંભે અટલાદરા સ્થિત BAPS શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરંપરાગત ગોવર્ધન પૂજા સાથે ૧૨૦૦ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સવારે નવ વાગ્યે ગોવર્ધન પૂજા બાદ પૂજ્ય સંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં આરતી કરીને ભગવાનને અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો.
આ અન્નકૂટમાં ૧૬૪ પ્રકારની મીઠાઈઓ, ૨૪૬ પ્રકારનાં ફરસાણ, આશરે ૨૦૦ પ્રકારનાં શાકભાજી તથા ૧૦૦થી વધુ બેકરી આઈટમ્સ સહિત વિવિધ વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.



આ ભવ્ય આયોજન પાછળ સંસ્થાની મહિલા ભક્તોની ૧૫ દિવસની મહેનત રહી હતી. તેમણે વિવિધ વાનગીઓ તૈયાર કરી હતી. બીજી તરફ, અન્નકૂટની તમામ વાનગીઓને માત્ર દોઢ કલાકમાં રસોડામાંથી મંદિરના ગર્ભગૃહ સુધી પહોંચાડી પ્રભુ પ્રતિમાઓ સમક્ષ સુશોભિત રીતે ગોઠવવાની જવાબદારી યુવા પેઢી, ખાસ કરીને ઝેન ઝી યુવાનોએ સંભાળી હતી.

રાજ્યના વીજ વિતરણ નેટવર્કના આધુનિકીકરણને મળશે વેગ

હાલના ૧૧/૨૨ કેવી હાઈટેન્શન અને લો ટેન્શન વીજળી નેટવર્કને આધુનિક અંડરગ્રાઉન્ડ કેબલ સિસ્ટમમાં ફેરવાશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.13
રાજેશ પાવર સર્વિસિસ લિમિટેડને દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) તરફથી 1,628.74 કરોડનો મોટો ટર્નકી પ્રોજેક્ટ મળ્યો છે. આ ઓર્ડર સાથે કંપનીની કુલ ઓર્ડર બુક વધીને આશરે 5,400 કરોડ થઈ છે, જે અગાઉના 4,000 કરોડની સરખામણીમાં 35 ટકા વધુ છે.
24 મહિનામાં પૂર્ણ થનારા આ પ્રોજેક્ટ હેઠળ DGVCLના વિવિધ વિસ્તારોમાં હાલના 11/22 કેવી હાઈટેન્શન અને લો ટેન્શન ઓવરહેડ વીજળીના નેટવર્કને SCADAને અનુરૂપ આધુનિક અંડરગ્રાઉન્ડ કેબલ સિસ્ટમમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ અગાઉ કંપનીને મધ્ય ગુજરાત વીજ કંપની (MGVCL) પાસેથી પણ 471.92 કરોડનો ઓર્ડર મળ્યો હતો. કંપનીએ નાણાકીય વર્ષ 2027ના પ્રથમ છ મહિનામાં વાર્ષિક ધોરણે 46 ટકા આવક વૃદ્ધિ નોંધાવી છે.
પાંચ દાયકાથી વધુનો અનુભવ ધરાવતી કંપની પાવર ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન ક્ષેત્રે EPC પ્રોજેક્ટ્સનું કામ કરે છે. ગુજરાત સહિત દેશનાં અનેક રાજ્યોમાં કાર્યરત કંપની માટે આ નવો ઓર્ડર વીજ વિતરણ વ્યવસ્થાના આધુનિકીકરણ અને અંડરગ્રાઉન્ડ કેબલિંગ ક્ષેત્રે વિસ્તરણની દિશામાં મહત્ત્વપૂર્ણ છે.

માંડવી દરવાજા પાસે મહારાજા વિક્રમાદિત્યને સ્મરણાંજલિ અર્પણ



નૂતન વર્ષના પ્રારંભે વિઠ્ઠલ મંદિરના પ્રાંગણમાં સ્મરણાંજલિ કાર્યક્રમ, વર્ષો જૂની પરંપરા જાળવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
નૂતન વર્ષના પ્રારંભે નવચેતના ફોરમ સંલગ્ન મહારાજા વિક્રમાદિત્ય સ્મરણાંજલિ સમિતિ દ્વારા માંડવી નજીક આવેલા વિઠ્ઠલ મંદિરના પ્રાંગણમાં મહારાજા વિક્રમાદિત્યની સ્મૃતિમાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તેમની છબીને કંકુ, ચોખા અને પુષ્પો અર્પણ કરી ભાવપૂર્વક સ્મરણાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે હરિઓમ વ્યાસ, સત્યમ શર્મા સહિત અનેક ભાવિકો અને જાગૃત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.
ઐતિહાસિક માન્યતા મુજબ ઉજ્જૈનના મહારાજા વિક્રમાદિત્ય હરસિદ્ધ માતાના પરમ ઉપાસક હતા. વડોદરાની ઘડિયાળી પોળના નાકે આવેલા અંબા માતાને હરસિદ્ધ માતાનું સ્વરૂપ માનવામાં આવે છે. લોકમાન્યતા અનુસાર ઉજ્જૈનથી વડોદરા અને રાજપીપળા આવ્યા બાદ પરત ફરતી વખતે મહારાજા વિક્રમાદિત્ય માંડવી નજીક દેવલોક પામ્યા હતા. હિન્દુ સમાજને પંચાંગની ભેટ આપવાનું શ્રેય પણ તેમને આપવામાં આવે છે. હરસિદ્ધ માતાના ઉપાસક સ્વ. ભાઈલાલભાઈ ભગતે એડવોકેટ ચંદ્રકાંત શેઠ અને કીર્તિભાઈ પરીખને મહારાજા વિક્રમાદિત્યની સ્મૃતિમાં કાર્યક્રમ યોજવાની પ્રેરણા આપી હતી.